॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૫**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેનામાં કયા અતિચાર બંધબેસતા છે તે લખી કયા પાઠમાં આવે છે? (૪)**

૧. વાઘને પાંજરામાં પૂર્યો હોય. **બંધે** **પહેલા વ્રતમાં**

૨. ગજાનનની આરતી ઉતારી હોય. **પરપાસંડ પસંસા** **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં**

૩. સિંહની ચામડીનો વેપાર કરવો. **કેસવાણિજ્જે** **સાતમા પાઠમાં**

૪. વનના ઝાડોની દાણચોરી કરી હોય. **વિરુદ્ધ રજ્જાઈક્કમ્મે** **ત્રીજા વ્રતમાં**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. પસીયંતુ **પ્રસન્ન થાઓ** ૨. ખમાસમણાણં **ક્ષમાવંત સાધુજીઓની**

૩. સદ્દેણં **શબ્દથી** ૪. ભોયણાઉ ય **ભોજન સંબંધી અને**

૫. જં પિ ય **જે પણ અને** ૬. પરિભુત્તં **ભોગવેલી હોય**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. સાતમા વ્રતમાં અગિયાર બોલ શેના સંબંધી છે? અગિયાર બોલના નંબર લખો.

**ભોજન, ૧૧ થી ૨૧**

૨. પરઉથાપના એટલે શું? **બીજાને તોડી પાડવાથી.**

૩. ત્રીજું શ્રમણસૂત્ર શેના વિશે છે? **સ્વાધ્યાય અને પ્રતિલેખનાના દોષોથી નિવૃત્ત થવા વિશે છે.**

**(આ) મોટા માંગલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. કયા સાગરમાં ડૂબવાનું નથી? મંગલ કેટલા છે? **ભવ,ચાર**

૨. જ્યોત કેવી અને કોના જેવી પ્રગટાવવાની છે? **ઝળહળતી, પ્રભુ**

૩. કેવા સંયોગોનો ક્ષય થશે? કર્મની પ્રકૃતિઓ કેવી બાંધી છે? **પ્રતિકૂળ, ગાઢી**

૪. ભવોદધિથી તરવા કોનું શરણું અંગીકાર કરવાનું છે? તે સઘળી શું ટાળે છે? **ધર્મ, આપદા**

૫. લબ્ધિના ભંડાર કોણ હતા? તેમના અંગૂઠામાં શું વસે છે? **ગુરુ ગૌતમ, અમૃત**

**(૭૦)**

**પ્ર.૨ (અ) પ્રાસ્તાવિક ગાથા અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૧)**

૧. દંસણ **વિણય આવસ્સએય, સીલવ્વએ નિરઇયારે ।**

**ખણ લવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે** સમાહિએ ॥

**અર્થ : (૯) સમકિત નિર્મળ પાળવાથી, (૧૦) વિનય કરવાથી, (૭-૧૦-૧૩૪ પ્રકારનો), (૧૧) ઉભયકાળ આવશ્યક – પ્રતિક્રમણ કરવાથી, (૧૨) લીધેલ વ્રત પચ્ચક્ખાણ નિરતિચાર પાળવાથી, (૧૩) એક ક્ષણ કે લવ પ્રમાણ કાળમાં પણ સંવેગભાવ અને શુભ ધ્યાન (ધર્મ અને શુક્લ) ધ્યાવવાથી, (૧૪) બાર પ્રકારના તપથી નિર્જરા કરવાથી, (૧૫) અભયદાન, સુપાત્રદાન દેવાથી, (૧૬) દશ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી, (૧૭) ચતુર્વિધ સંઘને સમાધિ (સેવા, શોભા) દેવાથી.**

૨. દેવ **દાણવ ગંધવ્વા, જક્ખ રક્ખસ્સ કિન્નરા ।**

**બંભયારિં નમંસંતિ, દુક્કરં જે કરંતિ** તે ॥

**અર્થ : જે દુષ્કર તથા ઘોર એવા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે એવા સાધક આત્માઓનાં ચરણોમાં વૈમાનિક, જ્યોતિષ, ભવનપતિ તથા ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર આદિ વ્યંતર દેવો એમ ચારે જાતિના દેવો પોતાનું મસ્તક નમાવી નમસ્કાર કરે છે.**

૩. જે **પાવકમ્મેહિં ધણં મણૂસા, સમાયયંતિ અમઇં ગહાય ।**

**પહાય તે પાસ-પયટ્ટિએ નરે, વેરાણુંબદ્ધા ણરયં** ઉવેંતિ ॥

**અર્થ : જે મનુષ્ય પાપકર્મ દ્વારા ધનને પ્રાપ્ત કરીને તેને, અમૃત સમાન સમજીને તેનો સંચય કરે છે, તે સંસારની સ્નેહજાળમાં ફસાયેલો તથા ઘણા જીવોની સાથે વેરભાવ બાંધતો, ધનને છોડીને અંતે નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે ધન તેને શરણરૂપ થતું નથી.**

૪. ચરે **પયાઈં પરિસંકમાણો, જં કિંચિ પાસં ઇહ મણ્ણમાણો ।**

**લાભંતરે જીવિય બૂહઇત્તા, પચ્છા પરિણ્ણાય** મલાવધંસી ॥

**અર્થ : સાધક, સંસારને બંધનરૂપ સમજી ડગલે ને પગલે દોષોની સંભાવનાને ધ્યાનમાં રાખીને વિચરે. શરીર દ્વારા જ્ઞાન, ધ્યાન આદિ ગુણોનો લાભ થતો હોય ત્યાં સુધી સંયમ જીવનને સુરક્ષિત રાખે. મૃત્યુના અવસરે જ્ઞ પરિજ્ઞા દ્વારા શરીરને ધર્મસાધનને અયોગ્ય સમજીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા આહારનો ત્યાગ કરી મળ, મૂત્રથી ભરેલા ઔદારિક શરીરનો ત્યાગ કરે.**

૫. એગોડહં **નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ ।**

**એવં અદીણમણસા, અપ્પાણ-મણુ** સાસઇ ॥

**અર્થ : હું એકલો છું, મારું કોઈ નથી તેમજ હું પણ કોઈ બીજાનો નથી. એમ મનમાં દીનતા લાવ્યા વિના સમાધિસ્થ, શાંતચિત્તે નિર્મમત્વ ભાવે પોતે પોતાના આત્માનું અનુશાસન કરે.**

૬. સંસાર **માવણ્ણ પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઇ કમ્મં ।**

**કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે, ન બંધવા બંધવયં** ઉવેંતિ ॥

**અર્થ : આ સંસારને પામીને જીવ પોતાના માટે કે બીજાને માટે (કુટુંબ, જ્ઞાતિ, સમાજ વગેરે) જે કર્મ કરે છે તે કર્મનાં ફળ ભોગવવાનાં સમયે નિશ્ચયથી તે સ્વજન, ભાઈબંધુ બંધુતાનું પાલન કરતા નથી અર્થાત્ પોતે કરેલાં કર્મનું ફળ પોતે એકલાએ જ ભોગવવું પડે છે.**

૭. છંદં **નિરોહેણ ઉવેઇ મોક્ખં, આસે જહા સિક્ખિય વમ્મધારી ।**

**પુવ્વાઈં વાસાઈં ચરેડપ્પમત્તો, તમ્હા મુણી ખિપ્પમુવેઇ** મોક્ખં ॥

**અર્થ : જેમ કેળવાયેલો અને કવચધારી ઘોડો યુદ્ધમાં શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરે તેમ ગુરુઆજ્ઞામાં પૂર્વ ક્રોડ વર્ષ સુધી પ્રમાદ રહિત થઇને વિચરવાથી અને સ્વચ્છંદ ત્યાગથી મુનિ શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે.**

**(૨) માત્ર ગાથા લખો. (ભાવાર્થ નહિ)** **(૬)**

૧. પોતના સુખ-દુ:ખનો સમન્વય કર.

**જાઈં ચ વુડ્ઢિં ચ ઇહજ્જ પાસ, ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।**

**તમ્હાતિવિજ્જો પરમં ત્તિ ણચ્ચા, સમ્મત્તદંસી ન કરેઇ પાવં ॥**

૨. પાંચ કામગુણ આવતા હોય તે ગાથા લખો.

**આરંભે નત્થિ દયા, મહિલા સંગેણ નાસઇ બંભં ।**

**સંકાએ સમ્મત્તં નાસઇ, પવજ્જા-અત્થગહણેણં ચ ॥**

3. ચાર કષાયને જીતવાની વાત આવે તે ગાથા લખો.

**મંદા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।**

**રક્ખેજ્જ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં ॥**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૬)**

૧. ધન કોને શરણરૂપ થતું નથી? **અધર્મી, પ્રમાદી**

૨. શરીર દ્વારા કયા ગુણોનો લાભ લેવાનો છે? **જ્ઞાન, ધ્યાન**

૩. જંબૂસ્વામી શેનાથી યુક્ત હતા? **અનુપમ તેજ, કાંતિ**

૪. દુર્ગતિ કઈ છે? **નરક, તિર્યંચ**

૫. જીવ કયા સુખનો કામી છે? **શારીરિક, માનસિક**

૬. કેવો ઘોડો વિજય પ્રાપ્ત કરે છે? **કવચધારી, કેળવાયેલો**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. કિંચણં **કોઈની પણ** ૨. પયાઈ **ડગલે ને પગલે**

૩. વિરામણ **અટકાવીને** ૪. અસંખ્યં **તૂટ્યા પછી ન સંધાય તેવું**

૫. પુપ્ફવાસા **પુષ્પોની સુગંધ** ૬. નેયાઉયં **મોક્ષમાર્ગને**

**(૫) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. વારંવાર **અભિક્ખ** ૨. સંચય કરે છે **સમાયયંતિ**

૩. લોકમાં ઉત્તમ **જગુત્તમ** ૪. આવા આકર્ષક વિષય **તહપ્પગારેસુ**

**(આ) છ લેશ્યાના આધારે લખો. (૧૫)**

**(૧) મને ઓળખો. (૩)**

૧. જિતેન્દ્રિય **પદ્મ લેશ્યાના લક્ષણ** ૨. ગાયના મડાની **અપ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ**

૩. કડવું તુંબડું **કૃષ્ણ લેશ્યાનો રસ** ૪. વિષય-કષાયમાં ગૃદ્ધ **નીલ લેશ્યાના લક્ષણ**

૫. હિંગળો, ગેરુ **તેજો લેશ્યાનો વર્ણ** ૬. ધર્મધ્યાન સહિત **શુક્લ લેશ્યાના લક્ષણ**

**૨. મને ઓળખો. (૭)**

૧. હું અરૂપી છું. **ભાવ લેશ્યા.**

૨. અમે ધર્મ લેશ્યા છીએ. **તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા**

૩. હું મનુષ્ય હોવા છતાં મારી લેશ્યા બદલાતી નથી. **સજોગી કેવળી**

૪. મારા આકાશ પ્રદેશ અસંખ્યાતા છે. **લોકાકાશ**

૫. મારો વર્ણ કોયલની પાંખ જેવો છે. **કાપોત લેશ્યા**

૬. દેવલોકમાં મારી સ્થિતિ બે સાગરની છે. **પદ્મ લેશ્યા**

૭. એક ઈન્દ્રિય હોવા છતાં અમારામાં શુભ લેશ્યા હોય છે? **પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (૫)**

૧. ચ્યવન દ્વારના બે મુદ્દા લખો. (૨)

**(૧) કોઈપણ લેશ્યાના પ્રથમ પરિણમન સમયે કોઈ જીવ ઉત્પન્ન થતો નથી કે તેનું ચ્યવન થતું નથી. (૨) લેશ્યાના છેલ્લા સમયે પણ કોઈ જીવ ઉત્પન્ન થતો નથી કે તેનું ચ્યવન થતું નથી.**

૨. કાપોત લેશ્યાના લક્ષણ કયા છે? **(૧) વાંકાબોલો, (૨) વાંકા કામ કરનાર, (૩) માયા કરીને હરખાય,** (૩) **(૪) સરળતા રહિત, (૫) મોઢે જુદો અને પૂંઠે જુદો, (૬) મિથ્યા વચનનો બોલનાર, (૭) ખોટા વચનનો બોલનાર, (૮) ચોરી–મત્સર કરનાર, (૯) પોતાના દોષો છુપાવનાર, (૧૦) છળપૂર્વક વર્તન કરનાર. કરનાર.**

**(ઈ) અષ્ટ પ્રવચન માતા આધારે લખો. (૧૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. આહારાદિની ગ્રહણ કરતી વખતે શુદ્ધિ–અશુદ્ધિની સાવધાની રાખવી તે ...... . **ગ્રહણૈષણા**

૨. ક્ષેત્રથી ...... પ્રમાણ ...... આગળ જોતા ચાલે. **ધૂંસરી, જમીન**

૩. રાતે ...... પ્રહર વીત્યા બાદ ...... ન બોલે. **૧, જોરથી**

૪. સાધુ ...... અને ...... ભાષા બોલે. **નિરવદ્ય, પરિમિત**

૫. વિષમ ...... ...... ભૂમિ પર ન પરઠે. **ઊંચી, નીચી**

૬. ઉપકરણો જ્યાં ત્યાં ...... ...... ન રાખે. **વીંખણ પીંખણ**

૭. ભાવથી ......, ......, ......, ......, યુક્ત વચન ન બોલે. **રાગ, દ્વેષ, વિષય, કષાય**

૮. ભાવથી ......, ......, ......, ......, ...... દોષ ટાળીને અનાસક્તપણે ભોગવે.

**સંયોગ, પરિમાણ, અંગાલ, ધૂમ, કારણ**

**(૨) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. મમતા રહિત કયા સંયમ સાધન ભોગવવાના છે? (૧) આહાર **(૨) ઉપકરણ** (૩) ઉપધિ (૪) પાણી

૨. કેવી ભૂમિ પર ન પરઠે? **(૧) સાંકડી** (૨) અચિત્ત (૩) સમ (૪) કઠણ

૩. રસ્તે ચાલતા શું ન કરે? (૧) પાપકારી કાર્ય (૨) રજોહરણથી પૂંજીને (૩) વાતો **(૪) સ્વાધ્યાય**

૪. કેવી ભાષા બોલવાની નથી? **(૧) માર્મિક** (૨) નિરવદ્ય (૩) પરિમિત (૪) હિતકારી

૫. શેમાં મન રાખવાનું નથી? (૧) વિકથા (૨) પાપકારી કાર્ય **(૩) સમારંભ** (૪) રસવંતા ભોજન

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. વ્યવહારકર્તાનો ત્રીજો પ્રકાર લખો.

**કોઇ આપે પણ છે અને લેવાવાળા સાથે સંતોષજનક વાત પણ કરે છે.**

૨. આ વાર્તા ક્યા આગમમાંથી લેવામાં આવી છે? અંગ છે કે ઉપાંગ? કેટલામું?

**રાયપસેણીય, ઉપાંગ, બીજું.**

૩. પરદેશીના દાદા કેવા હતા? તેઓ ક્યાં ઉત્પન્ન થયા હશે?

**પરદેશીના દાદા અધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ નરકમાં ઉત્પન્ન થયા હશે.**

૪ . કેકયાર્ધ દેશમાં કઈ નગરી આવેલી હતી? ત્યાં ક્યું ઉદ્યાન હતું? **શ્વેતિકા, મૃગવન**

૫. કેશી સ્વામીએ લક્ષવેધ ન કરી શકે તેમાં કોના ઉદાહરણ આપ્યા? **બાળક, યુવાન, વૃદ્ધ.**

૬ . ક્યા ગુણને કારણે જીવનું વજન નથી? ક્યા ઉદાહરણથી બતાવ્યું છે? બે શબ્દમાં લખો. **અગુરુલઘુ, ફુગ્ગા.**

૭. કેશી સ્વામીએ શેનો ઉપદેશ આપ્યો? બે શબ્દમાં લખો. **મુનિધર્મ, ગૃહસ્થધર્મ.**

૮. પરદેશી રાજાના દીકરાનું નામ શું હતું?? **સૂર્યકાંત કુમાર નામનો યુવરાજ હતો.**

૯. કેશીસ્વામીને કેટલા જ્ઞાન હતા? તે કોના શાસનમાં થયા હતા? **ચાર, પાર્શ્વનાથ સ્વામી.**

૧૦. કેશીસ્વામી અન્યના ઘરેથી ...... અને ...... આહાર લઈ જીવન નિર્વાહ કરે છે. **પ્રાસુક, એષણીય**

૧૧. પરદેશીના પિતાની માન્યતા શું હતી? **જીવ અને શરીર એક જ છે.**

૧૨. ગાથાપતિ પરિષદમાં શું કરવામાં આવે છે? **અપરાધીને વૃક્ષ સાથે બાંધી સળગાવી દેવામાં આવે છે.**

૧૩. હવાને જોઇ શકો છો? કોણ કોને કહે છે? **કેશીકુમાર શ્રમણ પરદેશી રાજાને કહે છે.**

૧૪. છદ્મસ્થ કેટલી વસ્તુ જોઇ ન શકે? તેમાં અરૂપી અજીવ દ્રવ્યના નામ આવતા હોય તે કેટલા? માત્ર સંખ્યા લખો. **૧૦-૩**

૧૫ . દેવતા મૃત્યુલોકમાં આવતા નથી તેનું ત્રીજું કારણ લખો. **હમણાં જ જઈશ તેમ વિચારે છે, પણ દેવલોકમાં નાટક વ. ભોગમાં તલ્લીન બની જાય છે. તે દેવ અહીં આવે તે પહેલાં તેના સ્વજનોનું મૃત્યુ થઇ ગયું હોય છે.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. તુભ્યં **નમસ્ત્રિભુવનાર્તિ હરાય નાથ !**

**તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય !**

તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય,

તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય ॥

અર્થ : ત્રિભુવનના દુઃખોને હરનારા હે નાથ ! આપને અમારા નમસ્કાર હો. પૃથ્વીતળને વિશે નિર્મળ હે આભૂષણ રૂપ! આપને મારા નમસ્કાર હો. ત્રણે જગતના પરમેશ્વરરૂપ! આપને મારા નમસ્કાર હો. ભવ સાગરને શોષી લેનારા હે જિનેન્દ્ર ! આપને મારા કોટિ કોટિ વંદન.

૨. કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ,

સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !

દોષૈરૂપાત્ત વિવિધાશ્રય જાતગર્વૈઃ,

સ્વપ્નાન્તરે પિ ન કદાચિત્ પીક્ષિતો ઽસિ ॥

અર્થ : હે મુનિવર! અન્ય સ્થળોએ અવકાશ ન મળવાથી વિશ્વના સંપૂર્ણ સદ્ગુણો તમારો આશ્રય કરીને રહ્યા છે, વિવિધ પ્રકારના આશ્રયો પામવાથી ગર્વિષ્ઠ બનેલા દોષો સ્વપ્નમાં પણ આપને જોઇ શકતા નથી, તેમાં આશ્ચર્ય શું છે!

૩. કુન્દાવદાત ચલ ચામર ચારૂશોભં,

વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।

ઉદ્યચ્છશાંક – શુચિ – નિર્ઝર – વારિધાર,

મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાંત કૌમ્ભમ્ ॥

અર્થ : જેવી રીતે ઉદય પામેલા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરણાનાં પાણીની ધારાઓથી સુવર્ણમય મેરુ પર્વતનું ઊંચું શિખર શોભી ઊઠે છે, તેવી રીતે મોગરાના પુષ્પ જેવા શ્વેત વીંઝાતા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનારું અને સુવર્ણ જેવી કાંતિવાળું તમારું શરીર અત્યંત શોભી રહ્યું છે.

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. જય હો શબ્દ જેમાં આવતો હોય તે ગાથા લખો.

ગમ્ભીર તાર રવપૂરિત – દિગ્વિભાગ, સ્ત્રૈલોક્યલોક શુભ સંગમ ભુતિદક્ષઃ ।

સદ્ધર્મરાજ – જયઘોષણ – ઘોષકઃ સન્, ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ॥

૨. ભગવાનને શા માટે શંકર કીધા છે?

ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરનારા હોવાથી.

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.